# સેંટ પીટર્સ યુનિવર્સિટી હૉસ્પિટલ

## નાણાકીય સહાય નીતિ (“FAP”)

**અસરકારક તારીખ: જાન્યુઆરી 1, 2017**

**પ્રસ્તાવના:**

*સેંટ પીટર્સ યુનિવર્સિટી હૉસ્પિટલ (“SPUH”) તેમજ તમામ નોંધપાત્ર સંબંધિત એકમો, સુનિશ્ચિત કરે છે કે બધા દર્દીઓને, તેમની ચુકવણી કરવાની ક્ષમતાને ધ્યાનમાં લીધા વગર, જરૂરી તાત્કાલિક અને અન્ય તબીબી સ્વાસ્થ્ય સેવાઓ મળી રહે.*

### I. લાયકાત:

### A. વીમા કવચ વિનાના દર્દીઓ

SPUHની સંસાધન સેવાઓ વીમા કવચ વિનાના (પોતે ચુકવણી કરનાર) દર્દીઓ માટે બધા ખાતાઓની સમીક્ષા કરે છે. આ પ્રક્રિયા માટે અમને આવા દર્દીઓની સંખ્યા શોધવી પડે છે જે રાજ્ય અથવા ફેડરલ મદદ કાર્યક્રમ માટેની તેમની સંભવિત લાયકાત નક્કી કરવા માટે જરૂરી છે, તેમજ તમામ દર્દીઓ, પ્રતિનિધિઓ, સંબંધિત ડૉક્ટરો અને SPUH કર્મચારીઓને એ બાબત જણાવવા માટે જરૂરી હોય છે, કે નાણાકીય મદદની માગણી આવી શકે છે.

- **ચેરિટી કેર**

જે દર્દીઓ મેડિકેડ/ન્યુ જર્સી ફૅમિલી કેર અનિવાર્યતાઓ પૂરી કરતા ના હોય, તેમનું પછી ન્યુ જર્સી ચેરિટી કેર કાર્યક્રમ માટે સ્ક્રીનિંગ કરવામાં આવે છે.

- મફત સારવાર માટે પાત્ર થવા માટે પરિવારની આવક (પરિવારના કદ પર આધારિત) ફેડરલ ગરીબી સ્તર (“FPL”) ના સો ટકા જેટલી અથવા તેનાથી ઓછી હોવી જરૂરી છે. વ્યક્તિઓ માટે સંપત્તિ $7,500 થી વધુ હોવી જોઈએ નહીં તથા પરિવાર માટે સંપત્તિ $15,000 થી વધુ હોવી જોઈએ નહીં.

અરજીઓ પૂર્ણ કરવા માટે અરજદારે નિમ્નલિખિત દસ્તાવેજો પૂરા પાડવાના રહેશે:

- દર્દી અને પરિવારની ઓળખાણના યોગ્ય દસ્તાવેજો;
- ન્યુ જર્સી રહેઠાણનો પુરાવો (સેવાના દિવસે) *(નોંધ: તાત્કાલિક સેવા માટે આ જરૂરી નથી);*
- કુલ આવકનો પુરાવો; અને
- સંપત્તિનો પુરાવો (સેવાના દિવસે).

**<u>અનિવાર્ય દસ્તાવેજોની સંપૂર્ણ યાદી અરજી કરતી વખતે આપવામાં આવશે.</u>**

અરજી પૂર્ણ કર્યા બાદ, SPUH FAP-લાયકાતનું નિર્ધારણ દસ (10) દિવસની અંદર કરશે. જો અરજી અપૂર્ણ જણાય, તો SPUH લેખિત ઇનકાર જણાવશે અને સાથે મંજૂરી મેળવવા માટે જરૂરી વધારાના દસ્તાવેજોની વિગતો પણ આપશે. SPUH અરજદારને અરજી પૂરી કરવા માટે, સેવાના દિવસથી ચોવીસ (24) મહિનાનો સમય આપે છે.
લાયકાતનો નિર્ણય કરતી વખતે અમે બધા ખાતાઓના બેલેન્સની સમીક્ષા કરીશું અને આવશ્યક બેલેન્સ એડજસ્ટમેંટ અને જો લાગુ હોય તો રિફંડની વ્યવસ્થા કરીશું.

**<u>નાણાકીય સહાય કાર્યક્રમ:</u>**

અમારા FAP માટે લેખિત અરજીની જરૂર નથી, પરંતુ અમે દર માળખા અનુસાર યોગ્ય રકમ લેવા માટે, ચેરિટી કેર અથવા અન્ય સરકારી કાર્યક્રમો માટેની લાયકાતનું મૂલ્યાંકન કરવા માટે (તમામ સંભવિત આંતરિક અને બાહ્ય સ્રોતોથી) મેળવેલી માહિતીનો ઉપયોગ કરીશું.

SPUH તૃતીય પક્ષના કવરેજ માટેની લાયકાત, રીલે હેલ્થ ક્લિયરેંસ ઉત્પાદન દ્વારા ચકાસે છે.

જે દર્દીઓ રાજ્ય અને ફેડરલ સહાય કાર્યક્રમ માટેની અપાત્રતાને કારણે, પોષણક્ષમ કેર અધિનિયમ હેઠળ ન્યૂનતમ જરૂરી કવરેજ ન ધરાવવાને કે તેનું પાલન ન કરવાને લીધે પોતે ચુકવણી કરનાર (સેલ્ફ-પે) રહ્યા હોય, તેઓ નાણાકીય સહાય માટે સંભવતઃ લાયક ગણવામાં આવશે અને તેમનો ખર્ચ નીચે માંથી જે ઓછો હોય તેટલો ગણવામાં આવશે:

- ન્યુ જર્સી સ્લાઇડિંગ સ્કેલ અનુસાર ગણવામાં આવેલ રકમ, જો તેઓ "FPL"ના 201% થી 300% દરમિયાન આવતા હોય;
- જો તેઓ FPL ના 301% થી 500% દરમિયાન આવતા હોય તો મેડિકર રેટના 115%; અથવા
- **<u>દસ્તાવેજ 1</u>** માં કરેલ વ્યાખ્યા મુજબ સામાન્ય રીતે ગણવામાં આવનાર રકમ એટલે અમાઉન્ટ્સ જનરલી બિલ્ડ ("AGB")ના નક્કી કરેલ ટકા.

FAP પાત્રતા બિલિંગ અને સંગ્રહ ચક્ર દરમિયાન કોઈ પણ સમયે સુધારવામાં આવી શકે છે.

જે વ્યક્તિઓ માટે FAP અંતર્ગત મળતી મહત્તમ સહાય કરતા ઓછી મદદ નિર્ધારિત કરવામાં આવશે, તેઓને નીચેની બાબતો પૂરી પાડવામાં આવશે.

- સંભવિત FAP-પાત્રતા નક્કી કરવાના આધાર અંગેની સૂચના તેમજ વધુ સહાય મેળવવા માટે તેઓ શું કરી શકે છે, તેની જાણકારી.

- સામાન્ય રીતે 30 દિવસ સુધીનો પૂરતો સમય જેમાં તેઓ અસાધારણ સંગ્રહ કાર્યવાહી ("ECA") શરૂ કરતાં પહેલા વધુ સહાય માટે અરજી કરી શકે છે; અને

- જો વધુ સહાય માટેની અરજી પ્રાપ્ત થાય તો, તેમના FAP-પાત્રતા સ્થિતિનું પુનર્નિર્ધારણ.

## B. વીમાકૃત દર્દીઓ

તમામ FAP પાત્ર દર્દીઓ, જેમનો સ્વાસ્થ્ય કેર વીમો સક્રિય હોય, તેઓ નીચે મુજબ વ્યાખ્યાયિત AGB કરતા વધુ ચુકવણી માટે જવાબદાર હશે નહીં, જેમાં સ્વાસ્થ્ય વીમા કંપની દ્વારા દર્દીના ખાતામાં જમા કરાયેલ ભરપાઈ સમાવેશ થતો નથી.
જો દર્દી વીમાકૃત હોય અને વીમો 100% ખર્ચને આવરી લેતો ના હોય તેવી સ્થિતિમાં દર્દી મફત અથવા ડિસ્કાઉંટેડ કેર માટે પણ પાત્ર બની શકે છે.

## II. નાણાકીય સહાય કાર્યક્રમ અમાઉન્ટ્સ જનરલી બિલ્ડ માટે ફી ગણતરીનો આધાર:

AGBની ગણતરીનો આધાર છે ‘લુક-બૅક મેથડ’ નો ઉપયોગ જે બાર મહિનાના સમયગાળામાં માન્ય દાવાઓના (વીમા કંપની અને વિમાકૃત વ્યક્તિની જવાબદારી સહિત) આધાર પર ગણતરી કરે છે. આ પોલિસીમાં આવતા દરેક એકમો માટે ગણતરી અને સંબંધિત ફીની વિગતો <u>**દસ્તાવેજ II**</u> માં આપવામાં આવેલ છે.

AGB નિર્ધારણ અને પ્રયુક્ત પ્રણાલીને વર્ષમાં ઓછામાં ઓછા એક વાર વ્યાખ્યાયિત કરવામાં અને ગણવામાં આવશે.

FAP-પાત્ર વ્યક્તિઓને તાત્કાલિક અને અન્ય તબીબી રીતે જરૂરી સારવાર માટે AGB કરતાં વધુ ચાર્જ કરવામાં આવશે નહીં. આ રીતે, ***SPUH કોઈ પણ જરૂરી તબીબી સારવાર માટે FAP-પાત્ર વ્યક્તિઓને મોટો ખર્ચ લાગુ કરશે નહીં.***

## III. સંગ્રહ નીતિ:

દર્દી સરકારી કાર્યક્રમ માટે પાત્ર નથી તે સુનિશ્ચિત કરવાના તમામ પ્રયત્નો થઈ ચૂક્યા છે, તૃતીય પક્ષ સ્વાસ્થ્ય વીમા કવરેજ મેળવવા માટેના સાધનો તેમની પાસે છે અને FAP-પાત્રતા સ્થિતિ (અને જો પાત્ર હોય તો સુનિશ્ચિત કરો કે ફી/ચાર્જિસ લાગુ પડતા સ્તર સુધી એડજસ્ટ કરવામાં આવેલ છે) સહિત બાકી ચુકવણી પ્રાપ્ત કરવાના તમામ પ્રયત્નો અમે કરી ચૂક્યા છીએ તે સુનિશ્ચિત કરવા માટે નીચે મુજબના માનદંડો પ્રસ્થાપિત કરવામાં આવ્યા છે. માનદંડોમાં સમાવેશ થાય છે:

1) ખાતામાં પ્રાપ્ય (મેળવવાપાત્ર) બેલેન્સ, દર્દીની (અથવા જમીનદાર) જવાબદારીની રકમ હોવાની પુષ્ટિ થવી જરૂરી છે. જો ખાતામાં મેડિકેડ અથવા ચૅરિટી કેર પાત્રતાનો પૂર્વ ઈતિહાસ દેખાય, તો અમે વર્તમાન દસ્તાવેજોની સમીક્ષાના તથા સંભવિત પાત્રતા ચકાસવાના તમામ પ્રયત્નો કરીશું.

2) અકાઉન્ટ નોટમાં એવો દસ્તાવેજ હોવો જરૂરી છે જે પુષ્ટિ કરે કે, ડિસ્ચાર્જ પહેલાના ઓછામાં ઓછા **ચાર (4) બિલિંગ પત્રકો, જેમાં દર્દીનો સ્પષ્ટ બેલેન્સ હોય**, ફાઈલ પરના સરનામે મોકલાયેલા હોય. પત્રકો પરના સંદેશો

ક્રમિક હોવા જોઈએ, જેમાં છેલ્લા સંદેશમાં સ્પષ્ટ લખેલ હોવું જોઈએ કે, આ નોટિસ પછીના 30 દિવસ બાદ જો બેલેન્સ પૂર્ણપણે સંતોષજનક ન થાય, અથવા ચૂકવણીનો પ્લાન અપાયેલ હોય તો તે ખાતું અમારા બાહ્ય કલેક્શન એજન્સીઓ પૈકી એકમાં મૂકવા માટે પાત્ર ગણાશે. કૃપા કરીને નોંધ લેશો કે આ "30-દિવસ" નોટિસ:

- વ્યક્તિને લેખિત નોટિસ દ્વારા એ પણ જણાવે કે પાત્ર વ્યક્તિઓને રાજ્ય નાણાકીય સહાય ઉપલબ્ધ છે;
- એ વાત પણ સમાવેશ કરે કે બાહ્ય કલેક્શન એજન્સીને (કૃપા કરીને નીચેનો નંબર 5 જુઓ) મોકલવાની સાથે અન્ય કોઈ ECA શરૂ કરવાનો SPUH નો ઈરાદો હોય તો તેની માહિતી; અને
- PLS ની નકલ પણ સમાવેશ કરે.

વધુમાં, વ્યક્તિને FAP અંગે મૌખિક સૂચિત કરવાનો વ્યાજબી પ્રયત્ન પણ SPUH એ કરવો જોઈએ.

3) ડિસ્ચાર્જ પહેલાના સૌ પ્રથમ બિલિંગ પત્રક પછી કોઈ પણ ડૂબેલી રકમ રાઈટ-ઑફ કરતા સુધી ઓછામાં ઓછો **120 દિવસનો સમયગાળો હોવો જરૂરી છે,** તેમજ અમારી કોઈ પણ બાહ્ય કલેક્શન એજન્સીને સંભવિત ભલામણ કરેલ હોવી પણ જરૂરી છે.

4) જો કોઈ પણ સમયે અમારી બાહ્ય કલેક્શન એજન્સીને જાણ થાય કે દર્દી/જામીનદાર FAP-પાત્ર છે, તો હોસ્પિટલ એ વિકલ્પ ધરાવે છે કે:

    a. તે કલેક્શન એજન્સી પાસેથી અકાઉન્ટ મંગાવી શકે છે અને કલેક્શન પ્રક્રિયા ફરી શરૂ કરી શકે છે. તે માટે બેલેન્સ એવી રીતે એડજસ્ટ કરીને કે જેથી દર્દી/જામીનદાર FAP-પાત્ર વ્યક્તિ તરીકે તેની જવાબદારીથી વધુ ચુકવણી ના કરતો હોય અને એડજસ્ટ કરેલ બેલેન્સથી વધુ ચુકવણી (જો $5 થી વધુ હોય) જો અગાઉ કરેલ હશે તો તે પાછી અપાશે; અથવા

    b. તે કલેક્શન એજન્સી પાસે ખાતું રાખીને કલેક્શન પ્રક્રિયા ફરી શરૂ કરી શકે છે. તે માટે બેલેન્સ એવી રીતે એડજસ્ટ કરીને કે જેથી દર્દી/જામીનદાર FAP-પાત્ર વ્યક્તિ તરીકે તેની જવાબદારીથી વધુ ચુકવણી ના કરતો હોય અને એડજસ્ટ કરેલ બેલેન્સથી વધુ ચુકવણી (જો $5 થી વધુ હોય) જો અગાઉ કરેલ હશે તો તે પાછી અપાશે.

5) નંબર ચાર (ઉપર "4" ની વિગત)ની સાથે સાથે, FAP-પાત્રતા નિર્ધારિત કર્યા બાદ SPUH વધારાની ECA શરૂ કરી શકે છે. જેમાં નીચેની બાબતોનો સમાવેશ નો હશે, પણ માત્ર તેટલીજ બાબતો નહીં હોય:

   a. એવી કાર્યવાહી કરવી જેમાં બોજો, પ્રતિબંધ, દિવાની કાર્યવાહી સહિત કાનૂની અથવા ન્યાયિક પ્રક્રિયાની જરૂર હશે;

   b. ધિરાણ એજન્સીઓ અથવા બ્યુરોને પ્રતિકૂળ માહિતી આપવી; અને

   c. FAP અંતર્ગત આવરી લેવાતી પાછલી સારવારની ચુકવણી ન કરવાને લીધે બિન-તબીબી જરૂરી અથવા અગત્યની સારવારની જરૂર પડે તે પહેલા ચુકવણી મુલતવી કરવી, નકારી કાઢવી, વગેરે.

## IV. તાત્કાલિક તબીબી સારવાર નીતિ

તાત્કાલિક સારવાર વિભાગમાં દાખલ અને સારવાર લેનાર દર્દીઓને, તેમની ચુકવણી કરવાની ક્ષમતાને ધ્યાનમાં લીધા વગર, જરૂરી સારવાર મળી રહેશે. વીમો, FAP-પાત્રતા અથવા તાત્કાલિક તબીબી સારવાર અને સક્રિય શ્રમ અધિનિયમ (EMTALA) નિયમોને અનુરૂપ ચૂકવણીની સ્થિતિ નક્કી કરવા માટે તપાસ અથવા સારવારમાં વિલંબ થશે નહીં.

## V. હોસ્પિટલ સુવિધા સિવાય અન્ય પ્રદાતાઓ, જે તાત્કાલિક અથવા અન્ય તબીબી રીતે જરૂરી સેવાઓ પૂરી પાડે છે અને તેઓને SPUH ની FAP હેઠળ આવરી લેવામાં આવે છે કે કેમ

SPUH ની FAP માં આવરી લેવાતા અથવા ના લેવાતા, હોસ્પીટલમાં તાત્કાલિક અથવા અન્ય તબીબી રીતે જરૂરી સેવાઓ પૂરી પાડતા હોસ્પિટલ સુવિધા સિવાય અન્ય પ્રદાતાઓની સૂચિ માટે **દસ્તાવેજ III** જુઓ. કૃપા કરીને નોંધ લેશો કે, આવશ્યકતા જણાય તો આ દસ્તાવેજને ઓછામાં ઓછા 3 મહિનામાં એક વાર અપડેટ કરવામાં આવશે.

## VI. FAP ની સૂચના/જાહેરાત

અમારી સેવાની જરૂર હોય તેવા સભ્યો સુધી SPUH ની FAP અંગેની માહિતી પહોંચે, ઉપલબ્ધ થાય અને વ્યાપક સ્તર પર તેની જાહેરાત થાય એ સુનિશ્ચિત કરવા માટે નીચેના પગલાં લેવાયા છે.

a) SPUH ની FAP અને FAP નો સરળ ભાષા સારાંશ અમારી વેબસાઈટ - **www.saintpetershcs.com** દ્વારા ઉપલબ્ધ છે.

b) FAP અને PLS ની પેપર નકલો, માગણી પર ટપાલ દ્વારા કોઈ પણ શુલ્ક વગર ઉપલબ્ધ છે તેમજ હૉસ્પિટલ સુવિધાના વિવિધ વિસ્તારોમાં જેવા કે પ્રવેશ, દર્દીની નોંધણી, ઈમર્જન્સી રૂમ વિભાગ, સંસાધન સેવાઓ અને દર્દીને રજા આપવાના વિભાગમાં આપવામાં આવે છે. તમામ લેખિત અરજીઓ આ સરનામે મોકલવાની રહેશે:

**સેંટ પીટર્સ યુનિવર્સિટિ હૉસ્પિટલ**
**ધ્યાન: સંસાધન સેવાઓ**
**254 ઈસ્ટન એવેન્યૂ**
**ન્યૂ બ્રુન્સવિક, NJ 08901**

c) FAP અને PLS ની પેપર નકલો માટેની મૌખિક માગણી અહીં કરી શકાય છે:

**સેંટ પીટર્સ યુનિવર્સિટી હૉસ્પિટલ**
**વિભાગ: સંસાધન સેવાઓ**
**ટેલિફોન #: 732.745.8600 એક્સટેન્શન: 5019**

d) એવા પાત્ર દર્દીઓ, જે પોતાની તબીબી સેવાઓની સંપૂર્ણ અથવા આંશિક ચુકવણી કરવા માટે સક્ષમ નથી, તેમણે નાણાકીય સહાય આપવા માટે SPUH કટિબદ્ધ છે. આ ઉદાર ધ્યેય પ્રાપ્ત કરવા માટે SPUH અને તમામ નોંધપાત્ર સંબંધિત કંપનીઓ અમે જે સમુદાયમાં સેવા આપીએ છીએ ત્યાં FAP અને PLS નો વ્યાપક પ્રચાર કરશે.

e) FAP અને PLS અંગ્રેજી અને અન્ય એવી ભાષાઓમાં ઉપલબ્ધ છે જે SPUH ની પ્રાથમિક સેવાના વિસ્તરમાં 5% જેટલી ઓછી અથવા 1000 વ્યક્તિઓ પૂરતી મર્યાદિત છે.

f) દર્દીઓ/જામીનદારોને અમારી FAP ની જાણકારી આપતા બોર્ડ નજરે પડે તેવી જગ્યાઓ પર મૂકવામાં આવશે, જેવી કે પ્રવેશ વિભાગ, ફરતી સેવાઓ અને તાત્કાલિક સારવાર રૂમ અને તેના પર ટેલિફોન નંબર અને ઓફિસનું ઠેકાણું આપેલું હશે, જ્યાં થી અમારી FAP માટેની અરજી અંગેની માહિતી મેળવી શકાશે.

## VII. દસ્તાવેજ I, અમાઉન્ટ્સ જનરલી બિલ્ડ (AGB) દરો/ફી શેડ્યુલ (શુલ્કના ટકા તરીકે)

## સેંટ પીટર્સ યુનિવર્સિટી હૉસ્પિટલ (SPUH)

- **લેબર અને ડિલિવરી**
  - મદર કેસ રેટ
    - યોનિમાર્ગ ડિલિવરી: 18.3%
  - C-સેક્શન ડિલિવરી: 21.3%
  - રોજનું નવજાત
    - નર્સરી: 27.7%
    - NICU: 17.2%
- **તબીબી/સર્જિકલ બેડ:** 15.1% ચાર્જિસ
- **સેમ ડે સર્જિકલ:** 18.5%
- **સેમ ડે મેડિકલ**: 23.6%
- **કાર્ડિયાક કેથેરાઇઝેશન**: 13.6%
- **સ્લીપ લૅબ**: 22.4%
- **અવલોકન**: 20.0%
- **તાત્કાલિક સારવાર વિભાગ**:
  - **281:** 53.0%

  - **282:** 51.0%
  - **283:** 28.0%
  - **284:** 12.5%
  - **285:** 10.1%
  - **ક્રિટિકલ કેર:** 24.7%

- **બેરીયાટ્રિક સર્જરી**: 20.8%

**દસ્તાવેજ I AGB દરો/ફી પત્રક ચાલુ**

- **સાઈબર નાઈફ**: 29.4%
- **ક્લિનિક મુલાકાતો**: 21.0%
- **પ્રયોગશાળા અને પેથોલોજી માત્ર**: 19.8%
- **રેડિયોલોજી (સાઈબર નાઈફ સિવાય)**: 21.5%
- **અન્ય તમામ બહારના દર્દીઓ**: 21.9%

**સેંટ પીટર્સ યુનિવર્સિટી હૉસ્પિટલ**

**નાણાકીય સહાય નીતિ ("FAP")**

**<u>દસ્તાવેજ II ફી (AGB ગણતરી) નો આધાર</u>**

**સેંટ પીટર્સ યુનિવર્સિટી હૉસ્પિટલ (SPUH)**

સેંટ પીટર્સ યુનિવર્સિટી હૉસ્પિટલે અમાઉન્ટ્સ જનરલી બિલ્ડ ("AGB") ની ગણતરી માટે "લુક બૅક" પદ્ધતિનો ઉપયોગ કરવાનું પસંદ કર્યું છે. AGB ટકા વાર્ષિક આધાર પર, અગાઉના 12 મહિનાના સમય પર ગણવામાં આવે છે તથા તેમાં નીચેના ચૂકવણીકાર સમૂહો સમાવેશ થાય છે:

1. સેવા માટેની મેડિકર ફી; અને

2. ખાનગી સ્વાસ્થ્ય વીમા કંપનીઓ (મેડીકેર એડવાંટેજ સહિત)

તાત્કાલિક અથવા અન્ય તબીબી રીતે આવશ્યક સારવાર માટે FAP-પાત્ર દર્દીઓને AGB થી વધુ ચાર્જ કરવામાં આવશે નહીં.

## સેંટ પીટર્સ યુનિવર્સિટી હૉસ્પિટલ

## નાણાકીય સહાય નીતિ (“FAP”)

**<u>દસ્તાવેજ III - હોસ્પિટલ સુવિધા સિવાય અન્ય પ્રદાતાઓ, જે તાત્કાલિક અથવા અન્ય તબીબી રીતે જરૂરી સેવાઓ પૂરી પાડે છે અને તેઓને SPUH ની FAP હેઠળ આવરી લેવામાં આવે છે કે કેમ</u>**

**<u>ના રોજ: જાન્યુઆરી 1, 2016</u>**

| પ્રદાતાઓ (એકમનું નામ) | FAP હેઠળ આવરી લેવામાં આવેલ | FAP હેઠળ આવરી લેવામાં ન આવેલ |
|---|---|---|
| સેંટ પીટર્સ સ્પેશિયાલિટી ફિઝિશિયન (SPAC) | | હા |
| સેંટ પીટર્સ હેલ્થકેર સિસ્ટમ ફિઝિશિયન એસોશિએટ્સ, PC | | હા |
| જીયાના ફિઝિશિયન પ્રેક્ટિસ ઑફ ન્યુયોર્ક, PC | | હા |
| EMCARE | | હા |
| સોવરિન ઓન્કોલોજી | | હા |
| સેંટ પીટર્સ સ્પેશિયાલિટી ફિઝિશિયન, PC | | હા |
| કેર્સ સર્જિકલ સેન્ટર | | હા |
| યુનિવર્સિટી રેડિયોલોજી ગ્રૂપ | | હા |
| (સ્કિલમૅન) અર્જન્ટ કેર સેન્ટર | | હા |
| મૉડર્ન ડાયગ્નોસ્ટિક્સ | | હા |
| એનેસ્થેસિયા કન્સલ્ટન્ટ્સ ઑફ ન્યુ જર્સી | | હા |

**નોંધ: સંલગ્ન સૂચિ જાન્યુઆરી 1, 2016 ના રોજ “સક્રિય” એવા તમામ ડોક્ટરોની સંપૂર્ણ સૂચિ છે**